


# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

**September 2025 | Issue No. 70 | A monthly newsletter**

## કોડિયામાં સમુદાયની કૃતઘ્નતાની મહેક અને ઉત્સાહનો  છલ્લોછલ પ્રકાશ



વાલી પ્રભાતની સફરનું એક અભિન્ન અંગ છે. તેમની સાથેનો ઘરોબો હમેશા પ્રભાતને મજબુત રીતે જાળવી રાખવાનું સંતોષ છે. એ જ રીતે વાલી પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન આપતા હોય છે. આ યોગદાન પાછળ હમેશા સંસ્થા માટે સન્માન અને કૃતજ્ઞતાની લાગણી હોય છે. આવો જ એક અવસર વાલી સાથે છે દિવાળી નિમિતે કોડિયાની સુશોભન કરવાનું. જે  પ્રભાત તેના શુભચિંતકોને દિવાળીની પ્રતીકાત્મક ભેંટ આપે છે. આ કોડિયા માત્ર કોડિયા નથી હોતા તેમાં બાળકો, વાલી, અને પ્રભાત ટીમ અને અન્ય સ્વયંસેવકોની  લાગણી અને સમર્પણ સાથેની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ છે.

આ કોડિયાને તૈયાર કરવાની પ્રક્રિયા લાંબો સમય ચાલે છે અને એમાં વાલી ખુબ ઉત્સાહ સાથે જોડાય છે. આ દરમ્યાન વાલીઓને મળવાનો અને પોતાના અનુભવોને આદાન પ્રદાનનો અવસર પણ મળે છે. પૂજા બહેન (ભાઈપુરા સેન્ટર વાલી ) પોતાના અનુભવ જણાવતા કહે છે કે, પ્રભાતમાં મારું બાળક એક વર્ષથી આવે છે. અને જે ડેવલોપમેન્ટ અમે જોયું છે તે અમારા માટે અદ્ભુત છે. તેથી જ અમારાથી જે બને તે અમે કરવાનો અવસર મળે તો અમને એ ગમે છે. મારા સિવાય અન્ય વાલી પણ આવે છે અને જેથી જે સ્કીલ હોય તે મુજબ તે અહી કામ કરે છે.



બીજા એક વાલી હસુમતી બહેન કે જે જીયાંસીના મમ્મી છે. જેમણે થોડા જ સમયમાં પ્રભાત સાથે એક ઘરોબો બનાવી લીધો છે. તેઓ કહે છે કે, કે કોઈ પણ રીતે પ્રભાતના કાર્યમાં જોડાવું એ હમેશા અમારા માટે ખુશીની વાત છે. તેથી મને સિલાઈ આવડતી હોવાથી કોડિયા માટે પોટલી ને સીવવામાં ટેકો કરું છું. અને પછી જ્યાં જરૂર હોય ત્યાં ટેકો કરું. સવારથી બપોર સુધી હું અહી રહું છું.

આમ, અનેક વાલીઓ સાથે કોડિયા બનાવવા આ સહિયારા અનુભવો પાછળ અનેક પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી ભાવનાઓનો નીચોડ છે. પ્રભાતના શુભેચ્છકો ને કોડિયા સાથે વાલીઓની લાગણીની હુંકને પણ સાથે પહોંચશે. આશા છે આ ભાવને પ્રભાતના શુભેચ્છકો દરેક કોડિયા દ્વારા અનુભવશે.

## કાર્યક્રમની ઝલક

**શિક્ષક દિવસની ઉજવણી** : પ્રભાતના સ્પેશયલ એજ્યુકેટર એ પ્રભાતની ‘ધરોહર’ છે. તેમની પ્રતિબદ્ધતા અને સમર્પણની ભાવનાની ઉજવણી કરવા અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે  ‘શિક્ષક દિવસ’ એ યોગ્ય દિવસ છે એવું લાગ્યું. તેથી જ આ દિવસને ‘ યાદગાર’ બનાવવા માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. માનસિક સુખાકારી , સ્વ- શૃંગાર જેવા વિષયો પર નિષ્ણાંત દ્વારા ગોષ્ઠી કરવામાં આવી. તેમના દ્વારા અતિ મહત્વની અને વ્યક્તિગત સ્તરે ઉપયોગી થાય એવી માહિતી ખરેખર પ્રભાવિત કરે તેવી હતી જે તેમના વ્યક્તિગત જીવન માટે ઉપયોગી બનશે એવું ટીમેં કહ્યું. ત્યારબાદ, રમત રમીને તેમને હળવાફૂલ બની  સ્વાદિષ્ટ ભોજનની મજા માણ્યા બાદ, પ્રતીકાત્મક ભેંટ આપીને ઉજવણીને વિરામ આપવામાં આવ્યું.



તેમના ચહેરા પર હાસ્ય અને સંતોષની લાગણી જોતા અનુભવ્યું કે તેમના માટે પણ આ દિવસ તેમના યાદગાર દિવસોમાનો એક બન્યો હશે.

સેન્ટર અને રિસોર્સ રૂમ પર પણ બાળકો સાથે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહ સાથે કરવામાં આવી. જે બાળકો શિક્ષક બનીને અન્ય બાળકો સાથે પ્રવૃતિ કરી શકે છે તેમને ધ્યાને લઈને તેમને શિક્ષક બનવાનો અવસર મળ્યો. આત્મવિશ્વાસ અને ઉત્સાહ સાથે બાળકોએ એમાં ભાગ લીધો. બાળકોને શિક્ષક તરીકે જોવાની ક્ષણ એ પ્રભાત માટે રોમાંચક રહી.



**અસેસમેન્ટ** : ડો. માલવ દ્વારા ભાઈપુરા સેન્ટર પર ૦ થી ૬ વર્ષના બાળકો કે જેમની પાસે સિવિલ સર્ટીફિકેટ નથી એવા 22 બાળકોનું સાયકોલોજી અસેસમેન્ટ કરીને Developmental Quotient તૈયાર કરવામાં આવ્યા. આ અસેસમેન્ટ ટીમ માટે વ્યક્તિગત પ્રશિક્ષણની રીતે પણ હોય છે.

**નવરાત્રીની ઉજવણી** : સમાવેશી સમુદાય માટે દરેક વ્યક્તિની હાજરી દરેક સ્થળ પર સહજ હોય તે માટે પ્રભાત ચોક્કસ વિચાર સાથે વિવિધ પ્રયાસો કરે છે. જેથી દરેક જગ્યા, મેળાવડા અને કાર્યક્રમો સહજતાથી તેમનો સ્વીકાર થાય. આ મ અતે નવરાત્રીની ઉજવણી પણ એક મહત્વનું હસ્તક્ષેપ પ્રભાત માટે છે. આ જ પ્રયાસોને પરિણામે આજે પ્રભાતના બાળકોને ખાસ આમંત્રિત કરવામાં આવે છે. આ વર્ષે પણ Anvil foundation અને હાથીજણ મિહિરભાઈ પટેલ દ્વારા આયોજિત ઇવેન્ટમાં બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં તેમણે ગરબા તો રમ્યા સાથે તેમને ભેંટ પણ આપવામાં આવી. અહી બાળકોની સાથે વાલીઓએ પણ મનભરીને ગરબા રમ્યા. આ ઉપરાંત પ્રભાતના સેન્ટર પર , રિસોર્સ સેન્ટર પર પણ બાળકો સાથે ગરબાની રમઝટ ખલૈયાઓએ કરી હતી.




**સમાવેશી આંગણવાડી** : વિપ્રોના સહયોગથી સમાવેશી આંગણવાડીના બીજા તબક્કામાં નવી આંગણવાડીઓનુ અસેસમેન્ ની પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી છે. આંગણવાડી કાર્યકરનીની સમાવેશી અભિગમ ખાસ કરીને દિવ્યાંગ ના પરિપ્રેક્ષ્ય માં વિષયની સમજ, કુશળતા,અને અભિગમને લઈને અસેસમેન્ટ કરવામાં આવ્યું. આ પ્રક્રિયાથી તેમની સાથે કાર્યની રણનીતિ, પ્રશિક્ષણ અને પ્રવૃતિઓનું આયોજન કરવામાં એક દિશા મળી રહેશે. આગળના અંકમાં  હજી તેની અપડેટ આપને જોવા મળશે.



**આંગણવાડી સ્ક્રીનીંગ ઝુંબેશ** : ધીરે ધીરે પોતાના કાર્યની ગુણવત્તા અને વધુને વધુ લોકો સુધી પહોંચવાના અભિગમને લીધે પ્રભાત દ્વારા આંગણવાડી સ્ક્રીનીંગ ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે. આ ઝુંબેશ પાછળ મોબીલાઇઝર થી લઈને સ્પેશ્યલ એજ્યુકેટર, જે તે વિષયના નિષ્ણાંતોની ટીમ સંયુક્ત રીતે મહેનત કરી રહી છે. જેટલું જલ્દી નિદાન એટલું જ તેનું ઝડપથી સારવાર અને સંભવિત હકારાત્મક પરિણામ મળવાની સંભાવનાઓ વધી જાય છે. લોકોને ઘર આંગણે પોતાના બાળકનું અસેસમેન્ટની સેવા મળી રહી છે. હજુ પણ આવનાર મહિનામાં તેનું કાર્ય કરી સમગ્ર વોર્ડની આંગણવાડીને આવરી લેવામાં આવશે. આ પ્રક્રિયા દરમ્યાન અદ્ભુત અનુભવો અને પરીસ્થિતિ જોવા મળી છે.





**સપોર્ટ ગ્રુપ સભ્યો સાથે કાર્યશાળા** : વિપ્રો સાથેની પ્રભાતની સમાવિષ્ટ આંગણવાડીની પહેલના ભાગરૂપે પ્રથમ તબક્કાની આંગણવાડીઓને  સમુદાય-કેન્દ્રિત ‘સપોર્ટ ગ્રુપ'ના મોડેલને પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જેમાં આંગણવાડી કેન્દ્રોને વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકોને સ્વતંત્ર રીતે સહાય પૂરી પાડવા સક્ષમ બનાવશે. આ ગ્રુપના સશક્તિકરણ માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ વટવા વિસ્તારની આંગણવાડીઓના પ્રતિનિધિ સહભાગી બન્યા હતા. આ જૂથનો ઉદ્દેશ્ય, ભૂમિકા અને આયોજનને લઈને સહભાગી પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આ સપોર્ટ ગ્રુપને માહિતીની સાથે દરેક બાળક માટે એક્સેસે અને સપોર્ટનો વ્યાપ વધે તે રીતે સશક્ત બનાવવાની વાત કરવામાં આવી.

**સાઉન્ડ થેરાપી** : વાલીઓ માટે માનસિક સુખાકારી માટે સાઉન્ડ થેરાપી ના સત્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 19 માતાઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આ થેરાપીના સેશન બાદ, માતાઓ એ પોતે માનસિક રીતે શાંતિ અને હળવાશ નો અનુભવ કર્યો હતો. તેમને આ સત્ર ખુબ જ ઉપયોગી લાગ્યું. અને તેમણે કહ્યું કે, સમયાંતરે આ પ્રકારના સત્રોનું આયોજન થાય. આ વાલી માટે ખુબ જ ઉપયોગી બને છે.

**હોમબેઝ** : નવા 8 પ્રવેશ સાથે હોમબેઝમાં હવે કુલ્લ 25 બાળકો છે. જેમાં નિયમિત સ્પેશ્યલ એજ્યુકેટર દ્વારા મુલાકાત કરી થેરાપી અને દૈનિક જીવન જરૂરી શૈલી માટે તૈયાર કરવામાં આવે છે. આ સાથે હવે નિયમિત ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા મુલાકાત પણ કરવામાં આવે છે. જેના પરિણામે બાળકની નિયમિત સેવા મળી રહે છે. સાથે પરિવારને પણ તેને સંબંધિત એકસરસાઈઝ શીખવવામાં આવે છે. આમ, દરેક સેવાઓ બાળકને ઘર સુધી મળી રહે તે માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



## ટીમનું પ્રશિક્ષણ

અર્લી ચાઈલ્ડ એજ્યુકેશન અન્વયે તાલીમ : વિપ્રો ના સહયોગથી થઇ રહેલ ક્ષમતા વર્ધન કાર્યક્રમ અંતર્ગત પ્રગત શિક્ષણ સંસ્થાન સાથે બીજા તબક્કાની તાલીમ ટીમ દ્વારા લેવામાં આવી. જેમાં વર્ગખંડમાં ભાષા, સાક્ષરતા અને સર્જનાત્મક અભિવ્યક્તિના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આ તાલીમેં શિક્ષકોને પ્રારંભિક સ્ક્રિબલ્સ અને ચિત્રલેખનના અર્થપૂર્ણ સ્વરૂપો જોઈને બાળકોની ઉભરતી સાક્ષરતાને ઓળખવા અને ઉજવવા માટે સજ્જ કરી. આ તાલીમની શીખ અને અનુભવોની રજૂઆત પ્રભાત ટીમ સાથે કરવામાં આવી. આ સંસ્થાને તેના કાર્યને વધારે મજબુત બનાવશે.



ડો.માલવ દ્વારા ટીમને પ્રશિક્ષણ : ટીમને તેની કાર્યક્ષમતા વિકસે અને વધારે અસરકારક કાર્ય કરી શકે તે માટે નિષ્ણાંતો દ્વારા તેમનું પ્રશિક્ષણ માટે બેઠકો થતી હોય છે. આ અન્વયે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના મેડીકલ સર્ટીફીકેટ છ વર્ષ બાદ લઇ શકાય છે તેથી આ પહેલા બાળકની સ્થિતિને ધ્યાને લઈને વ્યક્તિગત આયોજન અને ગોલ સેટ કરવા માટે સમજ પૂરી પાડવામાં આવી. ખુબ જ ઉપયોગી બન્યું હતું. અને ટીમની જે પણ મૂંઝવણ હતી તેનો ઉકેલ ટીમ ને મળ્યો હતો.

## એડવોકસી (હિમાયત )

**નેટવર્કિંગ** :

એસ.એન્ડ પી. ગ્લોબલ સાથેની એક મજબુત સહભાગીદારીથી રચનાત્મક જાગૃતિ કાર્યક્રમોની મેરેથોન થઇ રહી છે. પ્રભાત ને ઓળખવાથી લઈને બાળકો સાથે નો આત્મીયતા કેળવાય તે માટે દિવાળીના કોડિયા બનાવવાની એક અદ્ભુત પ્રક્રિયામાં એસ.એન્ડ પી ગ્લોબલ ની રીચ ટીમે પણ ઉત્સાહથી ભાગ લીધો. માટીને તૈયાર કરવાથી લઈને , કોડિયા બનાવવા, તેને વિવિધ રંગોથી સજ્જ કરવા અને તેને પોટલીમાં પેક કરવા સુધીના દરેક પગથીયાને આ ટીમે અનુભવ કર્યો. માટી જેવી મીઠી સુગંધથી બાળપણ ની યાદો ફરી તાજી થઇ ગઈ તો બાળકોની સાથે કરેલ ગમ્મત અને મસ્તીએ આત્મીયતાનું વાતાવરણ બનાવી દીધું હતું.



૫૦ જેટલા મિત્રો આ અદ્ભુત પ્રક્રિયાના સાક્ષી બન્યા. આ પ્રકારની પહેલથી જ દયા નિરાશા જેવી ધારણાઓને તોડીને ખુશી અને આશા સાથે જોવાનો અભિગમ કેળવાય છે. પ્રભાત આ પ્રકારની પહેલ કરતુ રહે છે જેથી વધુ ને વધુ લોકો આ સફરના સાથી બને. એસ.એન્ડ પી ગ્લોબલની ટીમનો હૃદયપૂર્વકનો આભાર. એક ઝલક જુઓ : https://youtu.be/AplU2gTAemO?si=OYbqirjRnt-2CXM1



**ઇન્ટર્નશીપ** : કર્ણાવતી યુનિવર્સીટી, અમદાવાદ યુનિવર્સીટી અને એન.આઈ.ડી. ના વિદ્યાથીઓ દ્વારા અલગ અલગ દિવસે મુલાકાત થઇ હતી અને તેમણે સમાવેશી વિચારધારાની સમજ સાથે ડિસેબીલીટી સંદર્ભે બહોળો પરીપ્રેક્ષ્ય બને તે ઉદેશ્યથી પ્રભાતનુ ઓરીએન્ટેશન કરવામાં આવ્યું. આ પ્રક્રિયામાં હમેશા નવા વિદ્યાથીઓ નવા અનુભવ મળે છે. અને સતત જીવંત પ્રક્રિયા રહે છે.

આપણે આગળ પણ CBID ના વિદ્યાર્થીઓની મુલાકાત અને તાલીમ વિષે વાત કરી હતી. હવે ૮ સપ્ટેમ્બર થી ૨૦ સપ્ટેમબર સુધી ભાઈપુરા સેન્ટર પર રહી બાળકોના વર્ગોમાં તેમણે પ્રેક્ટીકલ કાર્ય કર્યું. સાથે આ દરમ્યાન પ્રભાત સેન્ટર પર થયેલ કાર્યક્રમો માંપણ સક્રિય ભાગીદારી નોંધાવી.

## ઘરોબો



**આઈ ચેકઅપ કેમ્પ** : સમુદાય સાથે સમયાંતરે વિવિધ કાર્યક્રમો દ્વારા જાગૃતિ કાર્યક્રમો અને માર્ગદર્શન અને સેવાઓ આપવામાં આવે છે. આ માટે વિવિધ સંસ્થાનો, વ્યક્તિગત દાતાઓ સાથે પ્રભાત નું અસરકારક સંકલન હોવાને લીધે ‘ સેતુ’ બનીએ પ્રભાત વધુ સેવાઓ સમુદાય સુધી પહોચાડી શકે છે. જે અન્વયે તેરા પંથ પ્રોફેશનલ ફોરમ અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા બેરલ માર્કેટ, મણીનગર -શાળા નંબર 4, વટવા ભાઈપુરા એમ દરેક જગ્યાએ કરવામાં આવ્યું. જેમાં 304 નું આઈ ટેસ્ટીંગ કરવામાં આવ્યું. જે બાળકોને બેતાલા ના ચશ્માં હતા તેનું વિતરણ પણ સાથે કરવામાં



**વાલી સાથે કાર્યશાળા** : બેરલ માર્કેટમાં ડો. કિલ્લોલ દ્વારા વાલી સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોને લઈને વાલીને આવતા પ્રશ્નોના ઉકેલ માટે માહિતી આપવામાં અહી. વાલીઓએ બાળકોને  વ્યસ્ત રાખવા, સજાહેર જગ્યાઓ પર લઇ જતી વખતે, તથા તેની શારીરિક મુશ્કેલીઓને લઈને મુંઝવણ કહી હતી. જેમાં તેમણે ઘરે કરી શકાય એવી પ્રવૃતિઓ નું સુચન કરવામાં આવ્યું. અને ખાસ કરીને પોતાના બાળક માટે સન્માનને મહત્વ આપી સામાજિક જાહેર જગ્યાઓ પર લઇ જવાની વાત કરી. આમ, વાલીઓ પોતાના પ્રશ્નોના જવાબ મળ્યાના સંતોષ સાથે છુટા પડયા અને સંવાદ કાર્યક્રમ અસરકારક રહ્યું હતું.

## સહાયક સેવાઓ

- મેડીકલ સર્ટીફીકેટ 01 , રેલ્વે પાસ માટેના ફોર્મ -04, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -03, ભરવામાં આવ્યા.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS